# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*******************************************************

1) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ પણ ત્રીજા પક્ષની મધ્યસ્થીનો ઇનકાર કર્યો
2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂરને પાકિસ્તાન સમર્થિત આતંકવાદ સામે ભારતનો મજબૂત જવાબ ગણાવ્યો
3) પંજાબમાં, અમૃતસર ઝેરી કેફી દ્રવ્ય પીવાથી સર્જાયેલી દુર્ઘટનાનો મૃત્યુઆંક 27 પર પહોંચ્યો
4) શેરબજારના સ્થાનિક સૂચકાંકોમાં આજે દોઢ ટકા સુધીનો ઉછાળો નોંધાયો
5) ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં, મહારાષ્ટ્રએ ફરી એકવાર ટોચનું સ્થાન મેળવતા 158 ચંદ્રક જીત્યા

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# JAISHANKAR-PAKISTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈપણ ત્રીજા પક્ષની મધ્યસ્થીનો ઇનકાર કર્યો, અને પુનરોચ્ચાર કર્યો હતો કે ઇસ્લામાબાદ સાથેના વ્યવહારો સંપૂર્ણપણે દ્વિપક્ષીય રહેશે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા ડૉ. જયશંકરે કહ્યું કે, ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે પાકિસ્તાન સાથે ચર્ચા કરવાની બાકી રહેલી એકમાત્ર બાબત કાશ્મીરમાં ગેરકાયદેસર રીતે કબજા હેઠળના ભારતીય પ્રદેશને ખાલી કરાવવાની છે.

વિદેશ મંત્રીએ ભાર મૂક્યો કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાન સાથે વાતચીત ફક્ત આતંકવાદ પર જ થશે. તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાન પાસે આતંકવાદીઓની યાદી છે જેને સોંપવાની જરૂર છે, અને તેમણે આતંકવાદી માળખાને તોડી પાડવું પડશે.

# JAISHANKAR-HONDURAS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે છેલ્લા ત્રણ દાયકામાં ભારત અને હોન્ડુરાસ વચ્ચેના આર્થિક સંબંધોમાં સતત વધારો થયો છે, જેમાં દ્વિપક્ષીય વેપાર 300 મિલિયન ડોલરથી વધુ સુધી પહોંચ્યો છે. નવી દિલ્હીમાં હોન્ડુરાસના દૂતાવાસના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી જયશંકરે આ મુજબ જણાવ્યું હતું. તેમણે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલા પછી એકતાનું નિવેદન જારી કરવા બદલ હોન્ડુરાસનો આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું કે રાષ્ટ્રીય રાજધાનીમાં હોન્ડુરાસના દૂતાવાસનું ઉદઘાટન વેપારને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ મદદ કરશે, જેનાથી વ્યવસાયિક લોકો દૂતાવાસનો ઉપયોગ મેચમેકિંગ માટે કેન્દ્ર તરીકે કરશે.

# RAJNATHSINGH SRINAGAR

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર એ છેલ્લા અનેક દાયકાઓથી પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરથી નિકાસ થઈ રહેલા આતંકવાદ સામે ભારતનો અદમ્ય અને મજબૂત જવાબ છે. શ્રીનગરમાં સેનાના 15 કોર્પ્સ બદામી બાગ કેન્ટોનમેન્ટ ખાતે સૈનિકોને સંબોધતા, તેમણે ઓપરેશન સિંદૂરને અમલમાં મૂકતી વખતે ભારતીય સશસ્ત્ર દળોની તેમની બહાદુરી અને ઝીણવટભર્યા કાર્યની પ્રશંસા કરી. તેમણે કહ્યું ઓપરેશન સિંદૂર આતંકવાદ સામે ભારતની સૌથી મોટી કાર્યવાહી છે.

**(બાઇટ: રાજનાથસિંઘ -RAJNATH--AGAINST-PAK-ATTACK)**

સંરક્ષણ મંત્રીએ પાકિસ્તાનના હાથમાં રહેલા પરમાણુ શસ્ત્રોની સલામતી પર પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે કહ્યું કે પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રોને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીની દેખરેખ હેઠળ લેવા જોઈએ.

**(બાઇટ: રાજનાથસિંઘ -RAJNATH-ON-PAK-NEUCLER-WEAPON)**

# PM-FISHERIES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રની પ્રગતિ અને ભાવિ યોજનાઓની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠક ઊંડા સમુદ્રમાં માછીમારી અને દરિયાઈ ખાદ્ય નિકાસ પર કેન્દ્રિત હતી. કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ મંત્રી રાજીવ રંજન સિંહ અને વરિષ્ઠ અધિકારીઓએ બેઠકમાં હાજરી આપી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે સરકાર આ ક્ષેત્રને ખૂબ મહત્વ આપે છે અને આ ક્ષેત્રને લગતા માળખાગત સુવિધાઓ સુધારવા માટે વ્યાપકપણે કામ કર્યું છે. તેમણે ઉમેર્યું કે સરકારે દેશના માછીમારો માટે ધિરાણ તેમજ બજારોમાં વધુ પહોંચ સુનિશ્ચિત કરી છે.

# SHAH-AIIMS VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હી સ્થિત અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન એઇમ્સની મુલાકાત લીધી હતી અને છત્તીસગઢ તથા તેલંગાણા સરહદ પર આવેલી કરેગુટ્ટા હિલ્સમાં 21 દિવસ સુધી ચાલેલા નક્સલ વિરોધી ઓપરેશન દરમિયાન ઘાયલ થયેલા સુરક્ષા કર્મચારીઓના ખબરઅંતર પૂછ્યા હતા.

# J&K- TIRANGA RALLY

ઓપરેશન સિંદૂરના સફળતાને વધાવવા જમ્મુ કાશ્મીરના શ્રીનગર અને દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં ભાજપે તિરંગા રેલીઓનું આયોજન કર્યું હતું. શ્રીનગરમાં ભાજપની તિરંગા રેલીનું નેતૃત્વ ભાજપના વરિષ્ઠ નેતા અને જમ્મુ અને કાશ્મીર વક્ફ બોર્ડના અધ્યક્ષ ડૉ. દરક્ષ્શન અંદ્રાબીએ કર્યું હતું. અનંતનાગમાં, રેલીનું નેતૃત્વ ભાજપના અન્ય વરિષ્ઠ નેતા સોફી યુસુફ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો પણ હાજર રહ્યા હતા.

# EVE- PUNJAB-TIRANGA YATRA

પંજાબમાં, ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી કરવા માટે, આજે જલંધરથી તિરંગા યાત્રા શરૂ કરવામાં આવી હતી. મહિલાઓ અને યુવાનો સહિત તમામ ક્ષેત્રના લોકોએ તેમાં ભાગ લીધો હતો. આ યાત્રા 23 મે સુધી ચાલુ રહેશે, જેમાં આપણા સશસ્ત્ર દળો અને તેમની બહાદુરી પ્રત્યે સમર્થન વ્યક્ત કરવા માટે તમામ જિલ્લાઓ, મંડળો અને વોર્ડને આવરી લેવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# PUNJAB-HOOCH-DEATHTOLL

પંજાબમાં, અમૃતસર ઝેરી કેફી દ્રવ્ય પીવાથી સર્જાયેલી દુર્ઘટનાનો મૃત્યુઆંક 27 પર પહોંચી ગયો છે. દરમિયાન, દિલ્હી સ્થિત ફેક્ટરી માલિકો, એક પિતા અને પુત્ર, જેમણે તેમની ફેક્ટરીમાંથી ઓનલાઈન મિથેનોલ વેચ્યું હતું, તેમની પણ અમૃતસર પોલીસે ધરપકડ કરી છે. નાયબ પોલીસ અધિક્ષક મનિન્દર સિંહે જણાવ્યું હતું કે બંનેને સ્થાનિક અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા, જેણે તેમને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. અગાઉ, મુખ્ય સૂત્રધાર સહિત 18 લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

# RAHUL-BIHAR

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે બિહારના દરભંગામાં હોબાળા વચ્ચે અનુસૂચિત જાતિ, પછાત અને અત્યંત પછાત વર્ગના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી. શ્રી ગાંધી શરૂઆતમાં દરભંગામાં વિદ્યાર્થીઓના આંબેડકર છાત્રાલયમાં સંવાદ કરવા માગતા હતા પરંતુ વહીવટીતંત્રે મંજૂરી આપી ન હતી. ત્યારબાદ, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ રાજેશ રામ અને અન્ય નેતાઓ છાત્રાલયનો દરવાજો ખોલવા માટે પહોંચ્યા. પોલીસે વાહનોને પ્રવેશવા દીધા નહીં. ત્યારબાદ, રાહુલ ગાંધી પગપાળા પહોંચ્યા અને વિદ્યાર્થીઓ સાથે ટૂંકી વાતચીત કરી. કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે જો તેમના પક્ષની સરકાર બનશે, તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત અને અત્યંત પછાત વર્ગોને તેમના હક મળશે.

# STOCK MARKET

શેરબજારના સ્થાનિક સૂચકાંકોમાં આજે દોઢ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. નિફ્ટીએ ઓક્ટોબર, 2024 પછી પ્રથમ વાર 25 હજારની સપાટી વટાવી છે. 30 શેરોનો બીએસઇ સેન્સેક્સ 1200 પોઇન્ટ અથવા 1.48 ટકા વધીને 82 હજાર 531એ બંધ રહ્યો હતો.

# MSME-NATIONAL AWARD

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય એ રાષ્ટ્રીય પુરસ્કાર 2024 માટે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો પાસેથી અરજીઓ મંગાવી છે. એક નિવેદનમાં, MSME એ જણાવ્યું હતું કે રસ ધરાવતા ઉદ્યોગો આ મહિનાની 20 તારીખ સુધી પુરસ્કારો માટે વિવિધ શ્રેણીઓમાં અરજી કરી શકે છે. હાલમાં 35 રાષ્ટ્રીય પુરસ્કારોની જોગવાઈ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સરકાર MSME ઉદ્યોગસાહસિકોના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે યોગદાનને ઓળખે છે અને રાષ્ટ્રીય સ્તરે પુરસ્કારો આપીને તેમને પ્રોત્સાહિત કરે છે. નિવેદનમાં વધુમાં ઉમેરવામાં આવ્યું છે કે મહિલા ઉદ્યોગસાહસિકો, અનુસૂચિત જાતિ-જન જાતિના ઉદ્યોગસાહસિકો અને ઉત્તર પૂર્વીય ક્ષેત્રના ઉદ્યોગસાહસિકોને પુરસ્કારોની વિશેષ જોગવાઈ છે. ગૃહ મંત્રાલયના રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ અને નેશનલ એવોર્ડ પોર્ટલ દ્વારા અરજીઓ મંગાવવામાં આવે છે.

# ADD EVE KHELO INDIA BIHAR

ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં, મહારાષ્ટ્રે ફરી એકવાર ટોચનું સ્થાન મેળવ્યું છે, મહારાષ્ટ્રે 158 ચંદ્રક મેડલ જીત્યા છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, મહારાષ્ટ્રના રમતોના શેફ ડી મિશન, મહાદેવ કાશગાવડેએ રાજ્યની સતત સફળતા માટે મજબૂત સરકારી સમર્થન અને રમતગમતને પ્રોત્સાહન આપવા માટે સક્રિય અભિગમને શ્રેય આપ્યો છે.

દરમિયાન, યજમાન રાજ્ય બિહાર સૌથી વધુ લાભ મેળવનારાઓમાંના એક તરીકે ઉભરી આવ્યું છે, જેણે અગાઉના આવૃત્તિઓમાં તેના મેડલ ટેલીને સિંગલ ડિજિટથી વધારીને આ વર્ષે 36 સુધી તેના પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. બિહાર સ્ટેટ સ્પોર્ટ્સ ઓથોરિટીના ડિરેક્ટર જનરલ રવિન્દ્રન શંકરને જણાવ્યું હતું કે રાજ્યએ ખાસ કરીને એથ્લેટિક્સમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

# EX TEESTA PRAHAR

ભારતીય સેનાએ આજે પશ્ચિમ બંગાળમાં તીસ્તા ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં તીસ્તા પ્રહાર કવાયત યોજી હતી. પાયદળ, યાંત્રિક પાયદળ, તોપખાના, સશસ્ત્ર દળ, પેરા સ્પેશિયલ ફોર્સ, આર્મી એવિએશન એન્જિનિયરિંગ, સિગ્નલ સહિત સેનાના વિવિધ એકમોએ આ કવાયતમાં ભાગ લીધો હતો. ઓપરેશન સિંદૂરની પૃષ્ઠભૂમિમાં આ કવાયતનું મહત્વ છે.

# BUDDHA-SHEKHAWAT

સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંઘ શેખાવતે જણાવ્યું કે વૈશાખ બુદ્ધ પૂર્ણિમા માત્ર એક ધાર્મિક તહેવાર નથી, એક સંસ્કૃતિનો પ્રસંગ છે. નવી દિલ્હીમાં વૈશાખ બુદ્ધ પૂર્ણિમા દિવસની ઉજવણીમાં, તેમણે કહ્યું કે બૌદ્ધ આદર્શો સાર્વત્રિક સત્ય છે જે વિશ્વભરના લાખો લોકોના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે. શ્રી શેખાવતે કહ્યું કે સરકાર કલા, સ્થાપત્ય અને આંતરરાષ્ટ્રીય સંવાદો દ્વારા બુદ્ધના વારસાને સાચવવા, પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રસંગે, લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે ભારતીય સમુદાય તરીકે બુદ્ધના ઉપદેશોનું પાલન કરવું આપણી ફરજ છે. તેમણે કહ્યું કે દેશમાં સાત સમુદાયો છે, અને બુદ્ધ દરેક ધર્મનો ભાગ છે જે શાંતિ જાળવી રાખે છે. તેમણે સંવાદિતા અને સાંસ્કૃતિક સંરક્ષણના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો.